

# પશુપાલન સંબંધિત કોવિડ-૧૯ની સામાન્ય જાણકારી








**સંપાદકો**

ડૉ. જે. એચ. ચૌધરી

ડૉ. એમ. એન. બ્રહ્મભટ્ટ

ડૉ. જે. બી. નાયક

ડૉ. બી. સી. પરમાર

ડૉ. યુ. પી. મિસ્ત્રી

**વેટરીનરી પબ્લિક હેલ્થ એન્ડ એપીડેમીઓલોજી વિભાગ**

**પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય**

**આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદ**

# પશુપાલન સંબંધિત કોવિડ-૧૯ની સામાન્ય જાણકારી


**સંપાદકો**

ડૉ. જે. એચ. ચૌધરી

ડૉ. એમ. એન. બ્રહ્મભટ્ટ

ડૉ. જે. બી. નાયક

ડૉ. બી. સી. પરમાર

ડૉ. યુ. પી. મિસ્ત્રી

**વેટરીનરી પબ્લિક હેલ્થ એન્ડ એપીડેમીઓલોજી વિભાગ**

**પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય**

**આણંદ કૃષિ  વિશ્વવિદ્યાલય, આણંદ**

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રશ્ન ૧ | : | નોવેલ કોરોના વાઈરસ શું છે? | ૨ |
| પ્રશ્ન ૨ | : | નોવેલ કોરોના વાઈરસના રોગને COVID-19 તરીકે કેમ ઓળખવામાં આવે છે? | ૨ |
| પ્રશ્ન ૩ | : | કોરોના વાઈરસનો ઉદ્ભવ શેમાંથી થયેલો મનાય છે? | ૩ |
| પ્રશ્ન ૪ | : | આ વાઈરસનો ફેલાવો કઈ રીતે થાય છે? | ૩ |
| પ્રશ્ન ૫ | : | શું આ વાઈરસ ખોરાક દ્વારા ફેલાઈ શકે છે? | ૪ |
| પ્રશ્ન ૬ | : | આ રોગના મુખ્ય લક્ષણો કયા છે? | ૪ |
| પ્રશ્ન ૭ | : | પ્રાણીઓમાં આ રોગનું નિદાન કેવી રીતે કરી શકાય? | ૫ |
| પ્રશ્ન ૮ | : | શું આ રોગમાં મૃત્યુ નિશ્ચિત છે? | ૬ |
| પ્રશ્ન ૯ | : | શું આ રોગ માટે રસી ઉપલબ્ધ છે? | ૬ |
| પ્રશ્ન ૧૦ | : | કોવિડ-૧૯ રોગના કેસની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો કેમ જોવા મળી રહ્યો છે? | ૭ |
| પ્રશ્ન ૧૧ | : | આ રોગના સાજા થયેલ દર્દી દ્વારા આ ચેપ અન્ય કોઈને લાગી શકે? | ૮ |
| પ્રશ્ન ૧૨ | : | ક્વોરન્ટીન કરેલ હોય તેવા વ્યક્તિઓ દ્વારા કોવિડ-૧૯ રોગ ફેલાઈ શકે છે? | ૯ |
| પ્રશ્ન ૧૩ | : | શું કોવિડ-૧૯ રોગ મનુષ્યમાં ફેલાવવા માટે પ્રાણીઓ જવાબદાર છે? | ૧૦ |
| પ્રશ્ન ૧૪ | : | શું પ્રાણીઓને કોવિડ-૧૯ રોગનો ચેપ લાગવાની શક્યતા છે? | ૧૦ |
| પ્રશ્ન ૧૫ | : | શું દુધાળા જાનવરો ને કોવિડ-૧૯ રોગ થઈ શકે છે ? | ૧૧ |
| પ્રશ્ન ૧૬ | : | આ રોગથી ચેપગ્રસ્ત એવા મનુષ્યોના સંસર્ગમાં આવેલ પાલતુ પ્રાણીઓ માટે શું કાળજી રાખવી જોઈએ? | ૧૧ |
| પ્રશ્ન ૧૭ | : | પ્રાણીજન્ય ખોરાક કે અન્ય પેદાશોના ઉપયોગ વખતે શું કાળજી રાખવી જોઈએ? | ૧૨ |

પ્રશ્ન ૧૮ : પશુચિકિત્સક તરીકે હું પ્રાણીઓની આસપાસ કામ કરવા વિશે ચિંતિત છું (પાળતુ પ્રાણી/ દૂધાળા જાનવરો) કે જેઓ COVID-19 વાળા લોકો સાથે સંપર્કમાં આવ્યા છે. શું મારે કોઈ વધારાની સાવચેતી રાખવી જોઈએ? ૧૩

પ્રશ્ન ૧૯ : પ્રાણીઓમાં આ રોગ ફેલાવાની શક્યતા છે, તેવું જાણતા પશુપાલકોને તેમના પશુને આ રોગ થવા, અને તેથી કરીને તેમના પરિવારના સ્વાસ્થ્ય પર જોખમ હોવા વિષે ચિંતા છે. આ માટે આપની શું સલાહ છે? ૧૫

પ્રશ્ન ૨૦ : અમારો પશુપાલક મિત્ર કોવિડ-૧૯ ના લક્ષણોથી બીમાર હતો અને હવે તે ચિંતિત છે કે તેમના પાલતુ પ્રાણી અન્ય લોકો માટે ચેપનો સ્ત્રોત બની શકે છે. આવા સમયમાં તમે શું સલાહ આપ શો? ૧૬

પ્રશ્ન ૨૧ : પશુપાલકોને આ કોવિડ-૧૯ મહામારી દરમિયાન શું સલાહ આપશો? ૧૬

# કોરોના વાઇરસ વિષે સામાન્ય માહિતી


કોરોના વાઈરસ રોગ ૨૦૧૯ (COVID-19, કોવિડ-૧૯) એ સાર્સ કોરોના વાઈરસ ૨ (SARS-CoV-2) દ્વારા થતો ચેપી રોગ છે, જે સાર્સ વાઈરસ જોડે સામ્યતા ધરાવે છે. સાર્સ કોરોના વાઈરસ-૨ ને અગાઉ નોવેલ કોરોના વાઈરસ (n-CoV) તરીકે ઓળખવામાં આવતો હતો. આ વાઈરસ ૨૦૧૯-૨૦ માં કોરોના વાઈરસ મહામારી ફાટી નીકળવાનું કારણ છે. આ વાઈરસથી અસરગ્રસ્ત લોકોમાં સામાન્ય રીતે તાવ, સૂકી ઉધરસ, થાક લાગવો, કળતર થવું અને શ્વાસની તકલીફ જેવા લક્ષણો જોવા મળે છે. રોગના પરિણામે અશક્ત, વધુ ઉંમરવાળા અને ઓછી રોગપ્રતિકારક ક્ષમતા ધરાવતા લોકોમાં ન્યુમોનિયા અને વિવિધ અંગોનાં નિષ્ફળ થવાની પણ શક્યતા રહેલી હોય છે.

COVID-19 મોટાભાગે ખાંસી અથવા છીંક વડે એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં પ્રસરે છે. લક્ષણો દેખાવાનો સમય સામાન્ય રીતે ૨ થી ૧૪ દિવસોની વચ્ચે હોય છે, જેમાં સરેરાશ ૫ દિવસનો સમય છે. નિદાન માટેની સામાન્ય પદ્ધતિમાં નાક અને ગળાના નમૂનાની તપાસ કરવામાં આવે છે, જેનું કેટલાક કલાકો થી ૨ દિવસ સુધીમાં પરિણામ જાણી શકાય છે. લોહીની ચકાસણી કરીને પણ થોડા દિવસમાં પરિણામ મળી શકે છે. ઉપર જણાવેલ વાઈરસના લક્ષણો, જોખમી પરિબળો અને ન્યુમોનિયાની અસર દર્શાવતા ફેફસાના સીટી સ્કેનના સંયુક્ત આધાર પર પણ આ રોગનું નિદાન થઈ શકે છે.

WHO એ વર્ષ ૨૦૧૯-૨૦ના કોરોના વાઈરસ ફાટી નીકળવાની ઘટનાને આંતરરાષ્ટ્રીય કક્ષાની આરોગ્ય કટોકટી જાહેર કરી છે. આ રોગનો ફેલાવો વિશ્વના ૬ ખંડોમાં ઘણા બધા દેશોમાં વિશેષ પ્રમાણમાં જોવા મળવાના કારણે ૧૧ માર્ચ ૨૦૨૦ ના રોજ વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેને વૈશ્વિક મહામારી જાહેર કરી.

**પ્રશ્ન ૧ : નોવેલ કોરોના વાઈરસ શું છે?**

**ઉત્તર :** નોવેલ (નવીન) કોરોના વાઈરસ એક નવા પ્રકારનો કોરોના વાઈરસ છે, જે પહેલા કોઈ રીતે આપણી જાણમાં ન હતો. મનુષ્યમાં સામાન્ય રીતે જોવા મળતા કોરોના વાઈરસ, જે સામાન્ય માંદગી અને શરદી જેવા લક્ષણો પેદા કરે છે, તેના કરતાં આ વાઈરસ ઘણી રીતે અલગ છે. આ રોગના પીડિતોને ખાસ સારવારની જરૂર પડે છે.



**પ્રશ્ન ૨ : નોવેલ કોરોના વાઈરસના રોગને COVID-19 તરીકે કેમ ઓળખવામાં આવે છે?**

**ઉત્તર :** નોવેલ કોરોના વાઈરસની સૌપ્રથમ પુષ્ટિ ચીનના વુહાન પ્રાંતના હુબેઈ શહેરમાં ૧ ડિસેમ્બર ૨૦૧૯ માં થઈ. ૧૧ માર્ચ, ૨૦૨૦ ના રોજ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આ રોગ, કોવિડ-૧૯ની સત્તાવાર રીતે વૈશ્વિક મહામારી તરીકે જાહેરાત કરી છે. આ રોગનું નામકરણ CO (કો)=કોરોના, VI (વી)=વાઈરસ, D (ડ)=ડીસીસ અને પ્રથમ વખત

૨૦૧૯ માં કેસ નોંધાયેલો હોવાથી ટૂંકમાં કોવિડ-૧૯ તરીકે કરવામાં આવેલ છે.

**પ્રશ્ન ૩ : કોરોના વાઈરસનો ઉદ્ભવ શેમાંથી થયેલો જોવા મળે છે તેમજ આ રોગ કયા વર્ગના પ્રાણીઓને થઈ શકે છે ?**

**ઉત્તર :** આ રોગ SARS-CoV-2 નામના વાઈરસથી થાય છે. કોરોના વાઈરસ મુખ્યત્વે બિલાડી કુળના પ્રાણીઓ અને ચામાચિડિયામાં રોગ કરે છે. પરંતુ, મોટા ભાગે એક પ્રાણીના વાઈરસ બીજા કુળના પ્રાણીઓ કે મનુષ્યોને અસર કરતાં નથી. જવલ્લે જ કોઈ કિસ્સામાં આ વાઈરસ અન્ય પ્રાણી કે મનુષ્યને અસર કરે છે. MERS-CoV અને SARS-CoVના રોગચાળા આવા નોંધપાત્ર કિસ્સા છે. આ કોરોના વાઈરસ ચામાચીડિયામાંથી સામાન્ય રીતે મળતા કોરોના વાઈરસ સાથે ઘણી સામ્યતા ધરાવતા હોવાનું તારણ નીકળેલ છે, જેથી ચામચીડિયામાંથી આ વાઈરસ આવ્યો હોવાની વૈજ્ઞાનિકોની માન્યતા છે. જો કે, સમય જતાં વધુ સંશોધનો થકી આ વિષે વધુ ચોક્કસ માહિતી મેળવી શકાશે.

**પ્રશ્ન ૪ : આ વાઈરસનો ફેલાવો કઈ રીતે થાય છે?**

**ઉત્તર :** કોરોના વાઈરસ રોગિષ્ટ વ્યક્તિના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવવાથી ખાસ કરીને જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય, વૃદ્ધો, અન્ય રોગથી ગ્રસ્ત (મધુપ્રમેહ, ઉચ્ચ રક્ત દબાણ) અને અશ્કત લોકોમાં ફેલાવાની શક્યતા વધુ છે. જેમાં ચેપગ્રસ્ત વ્યક્તિના શ્વાસોચ્છવાસ દ્વારા હવામાં ફેંકાતા ડ્રોપલેટ (ટીપાં) દ્વારા મુખ્યત્વે ફેલાય છે. આ ડ્રોપલેટ બીજા વ્યક્તિઓના શ્વાસ અથવા મુખ દ્વારા શ્વસનતંત્રમાં પહોંચે છે અને રોગનો ફેલાવો થાય છે. એકબીજાની નજીક રહેલા વ્યક્તિઓમાં આ રીતે ફેલાવો થવાનો ભય વધારે રહેલો છે. આ વાઈરસ ઘણા ભૌગોલિક વિસ્તારોમાં ઝડપથી ફેલાય છે, જેને સામુદાયિક ફેલાવો (Community spread) તરીકે ઓળખવામાં આવે છે. કોમ્યુનિટી સ્પ્રેડ એટલે આપેલ ભૌગોલિક

વિસ્તારમાં કેસનો ફેલાવો થતો હોય, પરંતુ, તેઓ ક્યાંથી કે કેવી રીતે ચેપ ગ્રસ્ત થયા તે વિષે માહિતી મળવી મુશ્કેલ હોય.



**પ્રશ્ન ૫ : શું આ વાઈરસ ખોરાક દ્વારા ફેલાઈ શકે છે?**


**ઉત્તર :** અત્યાર સુધીના સંશોધનોની પ્રાપ્ય માહિતી મુજબ ફેલાતો હોય તેમ જણાયું નથી. આગળ જણાવ્યા મુજબ આ વાઈરસ કોરોનાવાઈરસ કુટુંબનો છે. આ કુટુંબના અન્ય વાઈરસ જેવા કે SARS-CoV અને MERS-CoV ના સંશોધનો દર્શાવે છે કે આ વાઈરસઓ ખોરાક દ્વારા ફેલાતા નથી. જો કે, પશુજન્ય પેદાશો, ખાસ કરીને કાચા માંસનો ખોરાકમાં ઉપયોગ કરવાથી આ રોગ થવાની સંભાવના વિશે સંશોધકો અનુમાન કરે છે. તદ્ઉપરાંત, આ પ્રકારના વાઈરસ સામાન્ય રીતે ઠંડા તાપમાનમાં ઘણા લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા ધરાવે છે.

**પ્રશ્ન ૬ : આ રોગના મુખ્ય લક્ષણો કયા છે?**

**ઉત્તર :** આ રોગના મુખ્ય લક્ષણો શ્વસનતંત્રને લગતા છે. તાવ આવવો, સૂકી

ખાંસી, અને થાક લાગવો એ રોગના પ્રાથમિક લક્ષણો છે. આ ઉપરાંત શરીરનો દુખાવો, શ્વાસલેવામાં અને બોલવામાં મુશ્કેલી, ઝાડા, માથાનો દુખાવો, ગંધ અને સ્વાદ પારખવામાં મુશ્કેલી, અને ચામડી પર ચાંઠા પાડવા જેવા લક્ષણો પણ જોવા મળે છે. સામાન્ય રીતે ચેપ લાગ્યા બાદ ૫-૬ દિવસમાં આ લક્ષણો જોવા મળતા હોય છે, પરંતુ ઘણી વખત ૧૪ દિવસ સુધીમાં પણ દેખાઈ શકે.

કોરોનાવાઈરસનો ચેપ લાગ્યાના લક્ષણો




**પ્રશ્ન ૭ : પ્રાણીઓમાં આ રોગનું નિદાન કેવી રીતે કરી શકાય?**

**ઉત્તર** : ભારતમાં પ્રાણીઓમાં આ રોગના નિદાન માટે સરકારશ્રીએ પશુચિકિત્સા અને સ્વાસ્થ્ય સાથે સંકળાયેલ અમુક અગ્રગણ્ય સંસ્થાઓને પ્રાણીઓમાં આ રોગના નિદાન માટે પરીક્ષણો કરવાની સત્તાવાર પરવાનગી આપેલ છે. આ માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં ભારતીય પશુચિકિત્સા અનુસંધાન સંસ્થાન, બરેલી (IVRI), રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુરોગ સંસ્થાન, ભોપાલ (NIHSAD), અથવા રાષ્ટ્રીય અશ્વ અનુસંધાન, હિસ્સાર (NRC- Equines) નો સમાવેશ થાય છે.



**પ્રશ્ન ૮ : શું આ રોગમાં મૃત્યુ નિશ્ચિત છે?**

**ઉત્તર :** ના. આધુનિક તબીબી વિજ્ઞાન આ રોગ સામે લડવા માટે સજ્જ છે. જે મૃત્યુ આ રોગથી અત્યાર સુધી નોંધાયા છે, તેમાનાં મોટા ભાગના દર્દીઓ ઉચ્ચ રક્તદબાણ, મધુપ્રમેહ અને અન્ય રોગપ્રતિકારક શક્તિને અસર કરતી બીમારીઓથી પીડાતા હતાં. આથી એવું કહી શકાય કે, પહેલેથી રોગપ્રતિકારક શક્તિને અસર કરતાં રોગોથી પીડાતા વ્યક્તિ, ઉમરલાયક લોકો, વૃદ્ધો અને બાળકો, આ રોગ માટે વધુ સંવેદનશીલ છે. પરંતુ, સમયસર નિદાન અને આધુનિક સાધનોની મદદથી આ રોગને મટાડી શકાય છે, તથા મૃત્યુ રોકી શકાય છે.

**પ્રશ્ન ૯ : શું આ રોગ માટે રસી ઉપલબ્ધ છે?**


**ઉત્તર :** આ રોગ  જે વાઈરસ દ્વારા થાય છે, જે પહેલા મનુષ્યોમાં જોવા મળ્યો નહોતો, અને રોગ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતો ન હતો. આથી, આ રોગના નિવારણ માટે રસી તૈયાર કરવા માટે કોઈ કારણ ન હતું.

પરંતુ, જ્યારે આ રોગએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં વિશ્વના વૈજ્ઞાનિકોએ આ વાઈરસની રસી પર કામ શરૂ કરી દીધું છે. હાલ ઘણી રસીના નિર્માણ માટે પ્રાયોગિક ધોરણે વિશ્વના અનેક દેશોમાં સંશોધન હાથ ધરાયા છે. હાલ આ રોગ માટે કોઈ પણ રસી ઉપલબ્ધ નથી. આપણા ગુજરાતના જ ગુજરાત બાયોટેકનોલોજિકલ રિસર્ચ સેન્ટર દ્વારા રસી બનાવવા માટે જરૂરી એવા જનિનિક દ્રવ્યોનું પૃથક્કરણ પૂર્ણ કરેલ છે અને તે થકી રસી બનાવવાની દિશામાં થઈ રહેલા સંશોધનોને ઘણી સહાયતા મળશે.




**પ્રશ્ન ૧૦ : કોવિડ-૧૯ રોગના કેસની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો કેમ જોવા મળી રહ્યો છે?**

**ઉત્તર** : આ રોગ ખૂબ ચેપી રોગ છે. જેમાં સામુદાયિક ફેલાવો મહત્વનો ફાળો આપે છે. વિશેષમાં નિયંત્રણ માટેના પગલાનું સંપૂર્ણપણે પાલન ન થવાથી કેશની સંખ્યાનો ઉત્તરોત્તર વધારો જોવા મળે છે. વધતી જતી  સંખ્યા આ વાઈરસનો ઝડપી ફેલાવો દર્શાવે છે,




દર દસ લાખની વસ્તીએ મૃત્યુદર (૦૭/૦૬/૨૦૨૦ સુધી)

સંદર્ભ: CDC, USA

**પ્રશ્ન ૧૧ : આ રોગના સાજા થયેલ દર્દી દ્વારા આ ચેપ અન્ય કોઈને લાગી શકે?**

**ઉત્તર :** કોઈ વ્યક્તિ કેટલા સમય સુધી ચેપનો ફેલાવો કરવાને સક્ષમ છે તેનો નિર્ણય કરવા માટે પરીક્ષણ અને રોગના સમયગાળાને ધ્યાને લેવામાં આવે છે. આ રોગના દર્દી જ્યારે આ રોગના લક્ષણો ધરાવતા હોય ત્યારે તેઓ ચેપનો ફેલાવો કરવા માટે સૌથી વધુ સક્ષમ હોય છે. જો કે અદ્યતન સંશોધનો પ્રમાણે રોગના લક્ષણો ન બતાવતા વ્યક્તિઓ પણ ચેપગ્રસ્ત હોય છે, તેવું જાણવા મળેલ છે. કોઈ વ્યક્તિ રોગમુક્ત થયા પછી પણ તેના શરીર માં આ વાઈરસ છે કે કેમ તે રોગનું પરીક્ષણ કરવાથી ખબર પડે છે. એટલે કે સાજા થયા પછી યોગ્ય પરીક્ષણ પછી જ કહી શકાય કે જે તે વ્યક્તિ બીજી વ્યક્તિ ને રોગ ફેલાવી શકે કે નહીં.

**પ્રશ્ન ૧૨ : ક્વોરન્ટીન કરેલ હોય તેવા વ્યક્તિઓ દ્વારા કોવિડ-૧૯ રોગ ફેલાઈ શકે છે ?**

**ઉત્તર :** ક્વોરન્ટીન એટલે વ્યક્તિ કે સમૂહ જે આ વાઈરસના સંસર્ગમાં આવ્યા હોય અથવા સંસર્ગમાં આવ્યા હોવાની શક્યતા હોય અને પરંતુ રોગના લક્ષણો ન દર્શાવતા હોય, તેમના દ્વારા આ રોગ અન્ય લોકોમાં ન ફેલાય તે માટે, અલાયદા અને અન્ય વ્યક્તિઓથી સંપર્ક રહિત રાખવાનો સમયગાળો. સામાન્ય રીતે આ સમયગાળો રોગના લાક્ષણિક સમયગાળા કરતાં થોડો વધારે રાખવામાં આવે છે. કોવિડ-૧૯ માટે આ રોગનો લાક્ષણિક સમયગાળો ૨ થી ૧૪ દિવસનો છે, એટલે કે ચેપ લાગ્યાના ૧૪ દિવસ દરમિયાન આ રોગના લક્ષણો સામાન્ય રીતે સ્પષ્ટ જણાઈ આવે છે. આથી, જે વ્યક્તિઓને ક્વોરન્ટીન કરેલ હોય તેમના ધ્વારા રોગ ફેલાવવાની શક્યતા રહેલી છે પરંતુ જે વ્યક્તિનો ક્વોરન્ટીનમાં રહેવાનો સમયગાળો પસાર થઈ ગયો હોય તેમના ધ્વારા આ રોગ ફેલાવવાની શક્યતા નથી, કેમ કે ક્વોરન્ટીનના સમયગાળા દરમિયાન તેઓમાં આ રોગના લક્ષણો જોવા મળેલ નથી.



**પ્રશ્ન ૧૩ : શું કોવિડ-૧૯ રોગ મનુષ્યમાં ફેલાવવા માટે પ્રાણીઓ જવાબદાર છે?**

**ઉત્તર :** હાલના પ્રાપ્ય સંશોધનો દર્શાવે છે કે, કોવિડ-૧૯ રોગ મનુષ્યમાં ફેલાવા માટે પ્રાણીઓ જવાબદાર જણાયા નથી. જનિનિક વિશ્લેષણથી મળેલ માહિતીથી જાણવા મળે છે કે SARS-CoV-2 કોરોના વાઈરસ કુટુંબનો વાયરસ છે અને મુખ્યત્વે ચામાચિડીયામાં જોવા મળે છે. જો કે અત્યાર સુધી મળેલ વૈજ્ઞાનિક માહિતીથી આ વાઈરસ માણસોમાં કેવી રીતે પ્રવેશ્યો તે નિશ્ચિત કરી શકાયું નથી. વાઈરસના સ્રોત વિષે હજુ વધુ સંશોધન થઈ રહેલ છે, જેથી કરીને આ વાઈરસ કેવી રીતે ફેલાઈ છે તેની પ્રાણીઓમાં થતી અસરો, તેનો રોગશાસ્ત્રીય પૃથક્કરણ, અને જીવનચક્ર સમજી શકાય. પ્રાણીઓના સ્વાસ્થ્ય અને સંચારી રોગોના નિયમન માટે કાર્યરત પેરીસ સ્થિત વિશ્વ પશુઆરોગ્ય સંગઠન દ્વારા આ વાયરસ માટે જરૂરી સંશોધનો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન ૧૪ : શું પ્રાણીઓને કોવિડ-૧૯ રોગનો ચેપ લાગવાની શક્યતા છે?**

**ઉત્તર :** હવે જ્યારે મનુષ્યોમાં આ રોગ બહોળા પ્રમાણમાં ફેલાઈ રહ્યો છે, ત્યારે આ રોગની પ્રાણીઓમાં ફેલાવાની શક્યતા ઘણી જ વધારે છે. આ વાઈરસનો ચેપ પ્રાણીઓમાં ફેલાય તો તેના પ્રાણી-સ્વાસ્થ્ય, વન્યજીવ સંરક્ષણ અને જૈવચિકિત્સકીય સંશોધનો પર ઘણી મોટી અસર પડે તેમ છે. કુતરા, બિલાડીઓ તથા વન્યજીવોમાં વાઘ અને નોળિયા કુળમાં આ વાઈરસ, મનુષ્યોના સંસર્ગમાં આવ્યા બાદ જોવા મળ્યો હોવાના પુરાવા મળેલ છે. વિવિધ પ્રાણીઓમાં આ વાઈરસનો ચેપ લાગવા અને તેની અન્ય પ્રાણીઓને ચેપગ્રસ્ત કરવાની શક્તિ ઉપર વૈજ્ઞાનિક સંશોધનો હાથ ધરવામાં આવેલ છે. અદ્યતન પ્રાપ્ય માહિતી અનુસાર, પક્ષીઓ અને ડુક્કરમાં આ રોગ જોવા મળતો નથી. બિલાડી કુળના પ્રાણીઓમાં આ રોગ વધુ જોવા મળે છે અને તેઓ આ રોગના ચિહ્નો દર્શાવે છે, તેમજ અન્ય બિલાડીઓમાં પણ આ રોગ ફેલવાની ક્ષમતા ધરાવે છે.



**પ્રશ્ન ૧૫ : શું દુધાળા જાનવરો ને કોવિડ-૧૯ રોગ થઈ શકે છે ?**

**ઉત્તર :** હાલના પ્રાપ્ય પ્રકાશિત સંશોધનો મુજબ વિશ્વમાં કોવિડ-૧૯ રોગનો ચેપ દૂધાળા જાનવરોને લાગ્યો હોવાના કોઈ સમાચાર કે માહિતી પ્રાપ્ય નથી.

**પ્રશ્ન ૧૬ : આ રોગથી ચેપગ્રસ્ત એવા મનુષ્યોના સંસર્ગમાં આવેલ પાલતુ પ્રાણીઓ માટે શું કાળજી રાખવી જોઈએ?**

**ઉત્તર :** પ્રાણીઓ અને મનુષ્યો બંને આ વાઈરસથી ચેપગ્રસ્ત થવાની શક્યતા છે, એટલે ચેપગ્રસ્ત હોય અથવા ચેપગ્રસ્ત હોવાની સંભાવના હોય તેવા વ્યક્તિઓને સલાહ આપવામાં આવે છે કે તેઓએ શક્ય હોય તેટલો પ્રાણીઓ સાથેનો સંપર્ક ટાળવો જોઈએ. જો પાલતુ પ્રાણીઓની માવજત કરતાં હો, તો સામાન્ય સ્વચ્છતાના નિયમોનું પાલન કરો. પ્રાણીઓના સંપર્કમાં આવતા પહેલા અને ત્યાર બાદ સાબુથી હાથ ધોવાનું રાખો. તેમના ખોરાક, અને અન્ય સામાન અલગ રાખો. તેમના સાથેનો સીધો સંપર્ક તેમજ પોતાનો ખોરાક તેમની સાથે વહેંચવાનું ટાળો.



**પ્રશ્ન ૧૭ : પ્રાણીજન્ય ખોરાક કે અન્ય પેદાશોના ઉપયોગ વખતે શું કાળજી રાખવી જોઈએ?**

**ઉત્તર** : વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા અપાયેલ માર્ગદર્શિકા મુજબ જ્યાં પ્રાણીઓનું કાચા માંસનું વેચાણ થતુ ં હોય, તેવા સ્થળોએ સામાન્ય સ્વચ્છતાના નિયમોનું પાલન થવું જોઈએ. જેમાં વારંવાર હાથ ધોવા, આંખો, નાક કે મોંને સ્પર્શ ન કરવો જેવી બાબતોનો સમાવેશ થાય છે. તેમના મળ-મૂત્રનો યોગ્ય નિકાલ થવો જોઈએ. કાચું માંસ, પાશ્ચુરાઈઝ્ડ ન હોય, કે ઉકાળ્યા વગરનું દૂધ ખોરાકમાં લેવાનું ટાળવું જોઈએ. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા અપાયેલ ધારાધોરણો મુજબ જે માંસનું ઉત્પાદન થતું હોય, તે જ માંસ ખોરાકમાં લેવાનો આગ્રહ રાખવો.



**પ્રશ્ન ૧૮ : પશુચિકિત્સક તરીકે હું પ્રાણીઓની આસપાસ કામ કરવા વિશે ચિંતિત છું (પાળતુ પ્રાણી/ દૂધાળા જાનવરો) કે જેઓ COVID-19 વાળા લોકો સાથે સંપર્કમાં આવ્યા છે. શું મારે કોઈ વધારાની સાવચેતી રાખવી જોઈએ?**

**ઉત્તર** : આ રોગ એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાય છે. જો કોઈ પશુપાલક, કે પ્રાણીના માલિકને આ રોગ થયો હોય, કે તે રોગ થયા હોવાની સંભાવના જણાતી હોય, તો એ પ્રાણીની સારવાર કરતાં પૂર્વે અમુક બાબતો આપે ધ્યાનમાં રાખવી જોઈએ જેવાકે

- આપના કપડાં, વાઈરસને ફેલાવા માટે ઘણું અસરકારક મધ્યમ પુરવાર થઈ શકે છે, આથી રક્ષણાત્મક કીટ, (PPE) પહેરવાનો આગ્રહ રાખવો.
- પ્રાણીની સારવાર કરતાં પૂર્વે અને ત્યાર બાદ હાથ વ્યવસ્થિત રીતે સાફ કરો તથા સારવાર પૂર્વે અને તે દરમિયાન, મોંને સ્પર્શ કરવાનું ટાળવું.
- પ્રાણીની સારવાર પહેલા અને પછી, શરીરના અંગો અને સાધનોને સેનેટાઈઝરની મદદથી જતંમુક્ત કરવા જોઈએ. જેથી અન્ય પ્રાણીને રોગનો ચેપ લાગવાની સંભાવના નિયંત્રિત કરી શકાય.

- શક્ય હોય તો આપના તથા આપના સહકર્મચારીઓ સાથે ખોરાક અને પાણી જોડે લેવાનું ટાળો.
- પશુપાલકોને પશુને માફક આવે તેવી જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે પ્રેરિત કરવા. અતિ આવશ્યક ન હોય તો પશુની સામાન્ય સારવાર કરવાનું ટાળવું, અને પશુપાલકને તે માટે માર્ગદર્શન આપવું.
- પશુ દવાખાનામાં નિરીક્ષણમાં રાખેલ પ્રાણીઓને જરૂર ન હોય તો જગ્યાની ફેરબદલી કરવાનું ટાળવું જોઈએ.



**પ્રશ્ન ૧૯ : પ્રાણીઓમાં આ રોગ ફેલાવાની શક્યતા છે, તેવું જાણતા પશુપાલકોને તેમના પશુને આ રોગ થવા, અને તેથી કરીને તેમના પરિવારના સ્વાસ્થ્ય વિષે ચિંતા છે. આ માટે આપની શું સલાહ છે?**

**ઉત્તર** : પાલતુ પ્રાણીઓ તેમજ દૂધાળ પશુ રાખતા પશુપાલકો જો હાલના ભલામણ કરવામાં આવેલા સામાજિક સ્વાસ્થ્યના પગલાનું પાલન કરે છે, તો તે પ્રાણી ઘરના લોકો માટે ચેપનું કારણ બને તેવી શક્યતાઓ ખૂબ જ ઓછી છે. આજદિન સુધીમાં પ્રાણીઓમાં જોવા મળેલા, કોવિડ-૧૯ ના કેસ, મનુષ્યોથી પશુઓમાં સંક્રમણના કિસ્સા હોય તેવું જણાય છે. હાલના પ્રાપ્ય પ્રકાશિત સંશોધનો મુજબ પાલતુ પ્રાણીઓમાંથી તેના માલિક કે અન્ય કોઈ માણસને ચેપ લાગ્યો હોય તેવું કોઈ ઉદાહરણ વિશ્વ સ્તરે કોઈ પણ જગ્યાએ જાણવા મળેલ નથી.

આ રોગના લક્ષણો ધરાવતા, કે આ રોગ માટે શંકાસ્પદ પશુપાલકોએ તેમના દ્વારા પશુમાં આ રોગનો ફેલાવો ન થાય તે માટે, અગાઉ જે માર્ગદર્શિકા જે જાહેર કરેલ છે તેનું પાલન કરવું જરૂરી છે. જેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે.

દર્દી કે રોગ માટે શંકાસ્પદ વ્યક્તિઓએ પ્રાણીઓ સાથેનો ગાઢ સંપર્ક ટાળવો જોઈએ. વારંવાર હાથને બરોબર યોગ્ય સાબુથી ધોવા જોઈએ. જો કોઈ વ્યક્તિ પ્રાણીની માવજત કરવા માટે ઉપલબ્ધ ન હોય તો, તો અન્ય વ્યક્તિ કે વ્યવસાયિક ધોરણે પ્રાણીઓની સંભાળ રાખતા વ્યક્તિઓ પાસે પ્રાણીઓને રાખવા જોઈએ. બિલાડી કે કુતરા જેવા પ્રાણીઓને તેમના અલાયદા વિસ્તારમાં રાખવા જોઈએ.

પાલતુ પ્રાણીઓ આ તણાવપૂર્ણ સમયમાં ઘણા લોકો માટે સહારારૂપ બને છે, ત્યારે જો થોડા સામાન્ય સ્વાસ્થ્યના નિયમોનું પાલન કરીએ તો તેમના

અને આપણા સ્વાસ્થ્યની સંભાળ રાખી શકીએ.

**પ્રશ્ન ૨૦ : અમારો પશુપાલક મિત્ર કોવિડ-૧૯ ના લક્ષણોથી બીમાર હતો અને હવે તે ચિંતિત છે કે તેમના પાલતુ પ્રાણી અન્ય લોકો માટે ચેપનો સતત સ્ત્રોત બની શકે છે. આવા સમયમાં તમે શું સલાહ આપશો?**

**ઉત્તર** : પશુપાલક મિત્ર કોવિડ-૧૯થી બિમાર હોય અને કદાચ તેમના પશુને આ વાઈરસનો ચેપ લાગ્યો હોય તો તેમનું પશુ આ રોગનો સ્ત્રોત હશે તેવું માનવાને કોઈ કારણ નથી. સામાન્ય રીતે આ વાઈરસનો ફેલાવો મુખ્યત્વે વ્યક્તિ-થી-વ્યક્તિ દ્વારા થાય છે. આથી અગમચેતીના ભાગરૂપે ચેપી વ્યક્તિના સંપર્કમાં આવેલા પાળેલા પ્રાણીનો બીજા વ્યક્તિ કે અન્ય પશુઓથી લગભગ ૧૪ દિવસ સુધી સંપર્ક ટાળવો જોઈએ.

**પ્રશ્ન ૨૧ : પશુપાલકોને આ કોવિડ-૧૯ મહામારી દરમિયાન શું સલાહ આપશો?**

**ઉત્તર** : આપના પશુઓના ખોરાક માટે ઘાસચારો મળી રહે, પશુની સારવાર માટે ચિકિત્સક મળી રહે તેમજ આપના પશુઓ દ્વારા ઉત્પાદિત દૂધ એકત્ર કરવા આવતા/દૂધ ભરતા હો તે સંસ્થા સાથે સતત સંપર્કમાં રહો, જેથી કરીને કોઈ અનિચ્છનીય કિસ્સામાં આપને તાત્કાલિક સેવા મળી રહે.

આપને ત્યાં પ્રાણીઓ જોડે કામ કરતાં પશુપાલકો, પ્રાણીઓ અને પ્રાણીઓની પેદાશોની સલામતી અને સુરક્ષા માટે આયોજન કરો. આ માટે જરૂર હોય તો સરકારી કે સહકારી તંત્રનો અચૂક સંપર્ક કરો.

આપના પ્રાણીઓના રહેઠાણમાં પ્રવેશતા પૂર્વે ફૂટ-બાથની રચના કરો જેમાં વખતોવખત ડિસઈન્ફેક્ટન્ટ બદલતા રહો.

બહારથી આવતા મુલાકાતીઓ અને પ્રાણીઓ સાથે કામ કરતાં વ્યક્તિઓનો સંપર્ક શક્ય હોય ત્યાં સુધી ઘટાડો.

જો કોઈને આ રોગના ચિહ્નો હોય અથવા આ રોગનું નિદાન થયેલ હોય, કે તેમનું અલગીકરણ કરેલ હોય તો તેમણે તથા તેમના પરિવારજનોએ માણસના ડૉકટરની સલાહનું પાલન કરવું જ જોઈએ, જેથી કરીને પશુઓ, સ્વજનો અને અન્ય વ્યક્તિઓને આ રોગનો ચેપ લાગવાનુ જોખમ ઘટાડી શકાય.

સરકારશ્રીના અધિકૃત અધિકારીઓ અને પશુચિકિત્સકો દ્વારા આપને આપવામાં આવતા સૂચનોનું પાલન કરો. આ ઉપરાંત સરકારશ્રી દ્વારા વખતોવખત આપતી માર્ગદર્શિકાનું પણ પાલન કરો.

દરેક પશુપાલક મિત્રોને જણાવવાનું કે કોરોના વાઇરસની મહામારીમાં સરકાર આપના સૌ માટે અથાગ પ્રયત્નો કરી રહી છે, આપણાં સહુનો સાથ પણ આ મહામારી સામે લડવા માટે એટલો જ અગત્યનો છે. આ વાઇરસની ચોક્કસ દવા તેમજ રસીની હજુ સુધી શોધ થઈ ન હોવાથી, ખૂબ જ કાળજી રાખવાની જરૂરિયાત છે.

આપણામાં કહેવત છે કે ‘એક હાથે તાળી ન પડે’ આમ રોગ નિયંત્રણ કોઈ એક વ્યક્તિ, સમાજ, સંસ્થા, પુશપાલન ખાતુ કે સરકાર દ્વારા એક હાથે ન થઈ શકે.  તે માટે સમાજમાં વિસ્તરણનું કાર્ય થવું જોઈએ તેથી સમાજમાં આ રોગ અંગે જાગૃતતા આવે.

## પશુપાલકોએ કોવિડ-૧૯ મહામારીમાં શું કરવું અને શું ન કરવું?

- આપના પ્રાણીઓ સાથે કામ કરતાં લોકોને માસ્ક પહેરવો ફરજિયાત કરવો જોઈએ, તેમના શારીરિક તાપમાન અને રોગના લક્ષણોની રોજ તપાસ કરવી, અને તેમણે સેનિટાઈઝરથી વારંવાર હાથ ધોવાની કાળજી રાખવી જોઈએ. પશુઓ જોડે કામ કરતી વખતે કામ કરતા લોકોએ એકબીજા જોડે અંતર જળવાઈ રહે તેની કાળજી રાખવી.
- જો કોઈ કામદાર બિમાર જણાય, તો તેની સારવાર માટે અને કાળજી માટે જરૂરી પગલાં લો.
- પશુઓના રહેઠાણના પ્રવેશદ્વાર પર સાબુ, પાણીની ડોલ, અથવા હાથ સેનેટાઈઝર રાખો, અને દરેક વ્યક્તિ જે પશુઓ સાથે કામ કરતો હોય, તેમણે પશુઓ સાથે સંપર્કમાં આવેલ પોતાના શરીરના અંગો વ્યવસ્થિત રીતે સાફ કરે તેવો આગ્રહ રાખવો જોઈએ.
- પ્રાણીઓના સંપર્કમાં આવતા દરેક સાધન-સામગ્રીને વ્યવસ્થિત રીતે જંતુમુક્ત કરવા.
- પ્રાણીઓ સાથે કામ કરતી વખતે ઘડિયાળ, કે દાગીના પહેરવાનું ટાળો. આ દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનો ટાળો. વખતોવખત મોબાઈલ ફોન પણ સેનેટાઈઝ કરવાનો આગ્રહ રાખો.
- જ્યાં શક્ય હોય ત્યાં જેવા કે મોટા આધુનિક પશુપાલન ફાર્મમાં પશુઓના સ્વાસ્થ્યના નિરીક્ષણ માટે, સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી શકાય જે અન્ય ઘણા ઉપયોગમાં લઈ શકાય છે.
- લોકડાઉન સમયગાળા દરમિયાન જરૂરી એવા ઘાસચારા, દાણ, અને દવાઓનો જથ્થો એકત્ર કરી રાખો.
- આ સમયગાળા દરમિયાન જો પશુઓની લે-વેચ કરવાની જરૂરિયાત ઊભી થાય,

તો વેચાણ કરતાં પહેલા અને ખરીદ કર્યા બાદ, ઓછામાં ઓછા ૩ અઠવાડીયા સુધી બીજા પશુઓથી અલગ બાંધી રાખો.

- જો કોઈ પશુ બીમાર જણાય તો તને અલગ કરીને બાંધી રાખો, અને પશુચિકિત્સકનો સંપર્ક કરવો જોઈએ.
- પશુધનને ગ્રાહકોના ઘરે-ઘરે લઈ જઈ દૂધ આપવા પર આ સમયગાળા દરમિયાન પ્રતિબંધ મૂકવો જોઈએ.
- દરેક વ્યક્તિને 'આરોગ્ય સેતુ એપ્લિકેશન' ફરજિયાત ડાઉનલોડ કરવી જોઈએ.

Aarogya Setu

मैं सुरक्षित | हम सुरक्षित | भारत सुरक्षित

# -: સંદર્ભ :-


વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)
(https://www.who.int/emergencies/diseases/novel-coronavirus-2019)

વિશ્વ પશુ આરોગ્ય સંસ્થા (OIE)
(https://www.oie.int/en/scientific-expertise/specific-information-and-recommendations/questions-and-answers-on-2019novel-coronavirus/)

રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર (CDC, USA)
(https://www.cdc.gov/coronavirus/2019-ncov/index.html)

અન્ન અને કૃષિ સંગઠન (FAO)
(http://www.fao.org/2019-ncov/en/)

પશુ ચિકિત્સા અનુસંધાન સંસ્થાન (IVRI)
(http://www.ivri.nic.in/circulars/advisory27042020.pdf)



# સામાન્ય સાવચેતીના પગલાં



છીંક કે ઉધરસ વખતે નાક અને મો રૂમાલથી ઢાંકવું




સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા, તેમજ સેનેટાઇઝરનો ઉપયોગ કરવો



હાથ મિલાવવાને બદલે નમસ્તેથી અભિવાદન કરવું



જાહેર જગ્યાએ થૂંકવું નહીં



બે વ્યક્તિ વચ્ચે ઓછામાં ઓછું ૧ મીટર અંતર રાખવું



સરકારશ્રીની માર્ગદર્શિકાનું સ્વ શિસ્તથી પાલન કરવું



ભીડભાડ વાળી જગ્યાએ જવાનું ટાળવું



ગભરાહટ નહીં, સમજદારી અને સતર્કતા એ જ આપણી સલામતી




**વેટરીનરી પબ્લિક હેલ્થ એન્ડ એપીડેમીઓલોજી વિભાગ**
**પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય**
**આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદ**

પ્રકાશન શ્રેણી નંબર: EDU-3:17:2020:1000